# ઉત્તર પશ્ચિમી રાજયોમાં આતંકવાદી હુમલાનો ભય

## વિદેશી પ્રવાસીઓને ટાર્ગેટ બનાવવાની ખતરનાક નીતિ : મજબૂત સુરક્ષા વ્યવસ્થા

નવી દિલ્હી,તા.૨૩

ખતરનાક આતંકવાદી સંગઠન ઈન્ડિયન મુજાહીદીન દ્વારા રાજસ્થાન, દિલ્હી, મહારાષ્ટ્ર, ગોવા અને અન્ય રાજયોમાં વિદેશી પ્રવાસીઓને ટાર્ગેટ બનાવવાની યોજના તૈયાર કરી દીધી છે. વિશ્વસનીય સૂત્રો પાસેથી પ્રાપ્ત અહેવાલ મુજબ ટૂંક સમયમાં જ આ લોકો નવા હુમલાઓને અંજામ આપી શકે છે. નવા વર્ષની શરૂઆત આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે આ પ્રકારની ઈન્ટલિજન્સ માહિતી પ્રાપ્ત થઈ છે. ઈન્ટલિજન્સ સંસ્થાઓને ઈન્ડિયન મુજાહીદીનની આ ખતરનાક યોજના અંગે માહિતી આપતા અહેમદ જરાર સિદ્દિબાપા ઉર્ફે યાસીન ભટકલે દાવો કર્યો છે કે વિદેશી પ્રવાસીઓને ટાર્ગેટ બનાવવાની યોજના તૈયાર થઈ રહી છે. આઈએમના સભ્યો ઈઝરાયેલમાંથી આવતા પ્રવાસીઓને ટાર્ગેટ બનાવી શકે છે. યાસીનની નેપાળના પોખારામાંથી ઓગસ્ટમાં ધરપકડ કરવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ યાસીને દાવો કર્યો હતો કે ઈન્ડિયન મુજાહીદીનના અલકાયદા સાથે પણ નજીકના સંબંધો છે. આઈએસઆઈથી પોતાને અલગ રાખીને આ સંગઠન સક્રિય છે. નાટોના દળો સામે લડવામાં ઈન્ડિયન મુજાહીદીનના લોકો સક્રિય છે. અલકાયદાનો ભાગ બનીને આ લોકો અફઘાનિસ્તાન-પાકિસ્તાન પ્રદેશમાં ઝુંબેશ ચલાવી રહ્યા છે. પાકિસ્તાનમાં સ્થિત આઈએમના કેટલાક નવા પ્રવાહ જોવા મળી રહ્યા છે. યાસીને પૂછપરછ દરમિયાન કેટલીક મહત્વપૂર્ણ બાબતોનો ખુલાસો કર્યો હતો. પૂછપરછમાં યાસીને એમ પણ કહ્યું છે કે દિલ્હીમાં વર્ષ ૨૦૦૮માં થયેલા સિરિયલ બોમ્બ બ્લાસ્ટમાં સામેલ મોહમંદ સાજિદ ઉત્તર પશ્ચિમ પાકિસ્તાનમાં પણ સક્રિય થયેલો છે. મોહમંદ સાજિદ દિલ્હીમાં ૨૦૦૮માં થયેલા સિરિયલ બોમ્બ બ્લાસ્ટ ઉપરાંત બાટલા હાઉસ વેળા પણ હતો. તે લડાઈમાં ઘાયલ પણ થયેલો હતો. યાસીન કેટલાક ઈન્ડિયન મુજાહીદીનના શખસ મોહમંદ સાજિદ, અતિફ અમીન



અને છોટા સાજિદનો નજીકનો મિત્ર છે. દિલ્હી, જયપુર, અમદાવાદ, સુરત બ્લાસ્ટ માટે પણ આ લોકોએ તેમની સાથે મળીને બોમ્બ બનાવ્યા હતા. બાટલા હાઉસ એન્કાઉન્ટર બાદ બડા સાજિદ ઉર્ફે મોહમંદ સાજિદ ભારતમાંથી ફરાર થઈ ગયો હતો. બાટલા એન્કાઉન્ટરમાં છોટા સાજિદ અને અમીન ઠાર થઈ ગયા હતા. યાસીને પૂછપરછ દરમિયાન અન્ય કેટલીક ચોંકાવનારી વિગત પણ ઉપલબ્ધ કરાવી હતી. એનઆઈએમાં પોતાની કસ્ટડી દરમિયાન યાસીને અન્ય આતંકવાદી સંગઠનો સાથે આઈએમના સંબંધની માહિતી આપી હતી. રિયાઝ ભટકલ સાથે ફોન ઉપર તેની વાતચીતની વિગત આપી હતી. રિયાઝે અલકાયદાને મળવાના સંદર્ભમાં પણ વાત કરી હતી. આ માહિતી ખૂબ જ ચોંકાવનારી છે. યાસીનની પૂછપરછની આધાર ઉપર સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. ઈન્ડિયન મુજાહીદીન અને અલકાયદા વચ્ચે સાઠગંઠ હોવાની વિગત પણ ખૂલી ચૂકી છે.

**ભાજપના સાંસદોની મુખ્યમંત્રી સમક્ષ માંગ**

## રાજસ્થાનમાં વાઢેરાના જમીન સોદાઓમાં તપાસની સંભાવના

***બીકાનેર-આસપાસ વિસ્તારોમાં કોંગ્રેસ શાસન દરમિયાન ખરીદાયેલી જમીનમાં તપાસ હાથ ધરાય તેવી સંભાવના***

નવી દિલ્હી,તા.૨૩

રાજસ્થાનમાં વસુંધરા રાજેના નેતૃત્વમાં ભાજપની સરકાર સત્તારૂઢ થઈ ગયા બાદ હવે ભાજપ સરકાર રાજ્યમાં રોબર્ટ વાઢેરાની જમીન સોદાબાજીમાં કમીશન ઓફ ઈન્કવાયરી એક્ટ હેઠળ તપાસ કરવાની માંગ કરવામાં આવી છે.



કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીના જમાઈ રોબર્ટ વાઢેરાની જમીન સોદાબાજીમાં તપાસ કરવાની દિશામાં આગળ વધે તેવી શક્યતા દેખાઈ રહી છે. મળેલી માહિતી મુજબ ભાજપના પાંચ વરિષ્ઠ સાંસદોએ રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજેને પત્ર લખીને તપાસની માંગ કરી છે. કોંગ્રેસ સરકાર દરમિયાન ભાજપના પાંચ વરિષ્ઠ સાંસદોએ પત્રમાં શ્રેણીબદ્ધ રજૂઆત કરી છે. આ પાંચ સાંસદોમાં રવિશંકર પ્રસાદ, અર્જુન મેઘવાલ, જેપી નાડા, ભૂપેન્દ્ર યાદવ અને રાજેન્દ્ર અગ્રવાલનો સમાવેશ થાય છે. આ હિલચાલને ખૂબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. કારણ કે કેન્દ્ર સરકાર ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને આવરી લેતા જાસૂસીકાંડમાં જ્યુડીશીયલ તપાસ યોજવાની તૈયારી કરી રહી છે. ગૃહપ્રધાન સુશીલકુમાર શિંદેએ જાસૂસીકાંડમાં તપાસનો આદેશ આપવાનો સંકેત આપી દીધો છે જેથી હવે ભાજપ પણ વળતા પગલાંરૂપે રોબર્ટ વાઢેરાની જમીન સોદાબાજીમાં તપાસ કરવાની તૈયારીમાં છે. ભાજપનું કહેવું છે કે આ પ્રકારની હિલચાલ બિલકુલ બિનજરૂરી છે. કારણ કે ગુજરાત સરકારે પહેલાંથી જ ગેરકાયદે જાસૂસીના આરોપમાં તપાસ કરવા હાઈકોર્ટના નિવૃત્ત જજના નેતૃત્વમાં એક પેનલની નિમણૂંક કરી છે. રોબર્ટ વાઢેરા અને તેમની માલિકીની કંપની દ્વારા બિકાનેરની આસપાસ ખરીદવામાં આવેલી જમીનોમાં ગેરરીતિમાં તપાસ કરવા ભાજપના સાંસદોએ અપીલ કરી છે. રાજસ્થાનમાં ભાજપ સરકાર જો આ તપાસ સાથે આગળ વધશે તો કોંગ્રેસ માટે વધુ સમસ્યા ઊભી થશે.

## ધુમ-૩ની બે દિનમાં ૭૦ કરોડની નોંધપાત્ર કમાણી

મુંબઈ,તા.૨૩

આમિર ખાન અભિનીત ધુમ-૩ બોક્સ ઓફિસ ઉપર નવા રેકોર્ડ સર્જી રહી છે. પ્રથમ બે દિવસમાં જ આ ફિલ્મે ૭૦ કરોડથી વધુની કમાણી કરી લીધી છે અને નવા રેકોર્ડની દિશામાં વધી રહી છે. તમિલ અને તેલુગુ ભાષામાં પણ ધુમ-૩ ફિલ્મ રજુ કરવામાં આવી છે. ધુમ-૩ ફિલ્મે જુદા-જુદા દિવસે ભવ્ય કમાણી કરી છે.

વિજય કૃષ્ણ આચાર્ય દ્વારા નિર્દેશિત યશરાજ ફિલ્મની લોકપ્રિય ધુમ ફ્રેન્ચાઈઝીસની ત્રીજી ફિલ્મની ચાહકો પહેલાથી જ રાહ જોઈ રહ્યા હતા.



શુક્રવારના દિવસે આ ફિલ્મ દેશભરમાં રજુ કરાઈ હતી. બોક્સ ઓફિસ ઉપર હવે કમાણી ઝડપથી થઈ રહી છે. આમિર ખાન અને કેટરીના કૈફની કેમેસ્ટ્રી લોકોને પસંદ પડી રહી છે. શુક્રવારના દિવસે બોક્સ ઓફિસ ઉપર હાઉસફુલના બોર્ડ જોવા મળ્યા હતા અને ૩૬.૨૨ કરોડની કમાણી કરી હતી. જ્યારે શનિવારના દિવસે આ ફિલ્મે બીજા ૩૩.૩૬ કરોડ કમાયા હતા. અભિષેક બચ્ચન અને ઉદય ચોપડા ધુમની શરૂઆત થયા બાદથી જ ફિલ્મમાં કામ કરતા રહ્યા છે. આ બન્નેએ પોતાની ભૂમિકા યાદગાર બનાવી છે. કેટરીના કૈફે ફિલ્મમાં ગ્લેમર ઉમેરવામાં સફળતા મેળવી છે. ધુમ-૩ની ફિલ્મ આવનાર દિવસોમાં સફળતાના નવા રેકોર્ડ સર્જે તેવી શક્યતા છે. ધુમ-૩ સફળ રહેશે તેને લઈને પહેલાથી જ અટકળો ચાલી રહી હતી અને હવે તમામ અટકળો યોગ્ય સાબિત થઈ છે અને ફિલ્મ સુપરહિટ થઈ છે.

## એએપીનો પ્રથમ સપ્તાહનો એક્શન પ્લાન તૈયાર થયો

નવી દિલ્હી,તા.૨૩

આમ આદમી પાર્ટીની સરકાર રચવા માટેનો માર્ગ મોકળો થઈ ગયો છે. હવે પાર્ટી સામે સૌથી મોટો પડકાર ચુંટણી પ્રચાર દરમિયાન આપવામાં આવેલા વચનોને પાળવા માટેનો છે. મોટા-મોટા વચનો પૂર્ણ કરવા માટે તેની સામે ઘણા પડકારો રહેશે. દિલ્હી વિધાનસભાની ચુંટણીમાં ઐતિહાસિક જીત બાદ આમ આદમી પાર્ટી ઉપર તમામ લોકોની નજર કેન્દ્રીત થઈ ગઈ છે. આમ આદમી પાર્ટી ઉપર હવે દબાણ વધી ગયું છે. આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલ પહેલાથી જ કહી ચુક્યા છે કે, નિયમો મુજબ પણ અને લોકસભાની ચુંટણીને ધ્યાનમાં લઈ કોંગ્રેસ પાર્ટી ઓછામાં ઓછા ૭ મહિના સુધી ટેકો પાછો ખેંચશે નહીં. આવી સ્થિતિમાં ૭ મહિનાની અંદર પણ જો બે-ચાર મોટા કામ થઈ જશે તો લોકોનો વિશ્વાસ જીતી શકાશે અને લોકસભાની ચુંટણીમાં તેને ફાયદો મળી શકે છે. આવી સ્થિતિમાં સરકાર બનવાની આશાને લઈને એક્શન પ્લાન તૈયાર કરી લેવાયો છે. કયા-કયા મુદ્દાઓ પર તરત પગલા લેવામાં આવે એક્શન પ્લાન મુજબ શરૂઆતના સપ્તાહમાં કાર્યક્રમો સરકાર એક દિવસમાં ઓર્ડર પાસ કરી શકે છે. આ ઉપરાંત પાર્ટી

**૭૪ ટકા નાગરિકોએ સરકાર રચવાનું કહ્યું**

આમ આદમી પાર્ટીએ સરકારની રચના કરવાનો નિર્ણય લઈ લીધો છે પત્રકાર પરિષદમાં આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા મનીષ સિસોદિયાએ કહ્યું હતું કે, જનમતના પરિણામ આવી ગયા છે. અમને ઈન્ટરનેટ અને એસએમએસ મારફતે કુલ ૬૯૭૩૭૦ લોકોના અભિપ્રાય મળ્યા હતા. જ્યારે એસએમએસ મારફતે ૫૨૩૧૮૩ લોકોના મત મળ્યા હતા. જે પૈકી ૨૬૫૦૦૦ મત દિલ્હીમાંથી આવ્યા હતા. દિલ્હીમાંથી પણ મોટી સંખ્યામાં લોકોએ પોતાના અભિપ્રાયો આપ્યા હતા. ઈન્ટરનેટ મારફતે આવેલા મતમાં ૭૪ ટકા લોકોએ અભિપ્રાય આપ્યો હતો કે, આમ આદમી પાર્ટીએ સરકાર બનાવવી જોઈએ. આ ઉપરાંત ૨૫૭ સભાઓમાં પણ સરકાર બનાવવા માટે લોકોએ મત આપ્યા હતા. ૨૩ સભાઓમાં લોકોએ સરકાર બનાવવા માટેના અભિપ્રાય આપ્યા હતા. મુખ્યમંત્રી તરીકે અરવિંદ કેજરીવાલ રહેશે. ૨૮ ધારાસભ્યોનો અભિપ્રાય છે કે, કેજરીવાલ મુખ્યમંત્રી હોવા જોઈએ.

તૈયાર થયા છે. સરકાર બનતાની સાથે જ સપ્તાહની અંદર જ કેટલાક પગલા અમલી બનાવવામાં આવનાર છે. જે પૈકી તમામ લોકોને ૭૦૦ લીટર મફત પાણી અને વિજળી કંપનીઓના ઓડીટ તથા વિજળીના મીટરોની ચકાસણીના મુદ્દા સામેલ છે. કોંગ્રેસના નેતા કહી ચુક્યા છે કે, આ તમામ વહીવટી મુદ્દાઓ છે અને આના ઉપર પહેલાથી જ દિલ્હીમાં વીઆઈપી કલ્ચર બંધ કરવાની વાત કરી ચુકી છે. આવી સ્થિતિમાં લાલબત્તીવાળી ગાડીઓ, સરકારી બંગલાઓ અને સુરક્ષા નહીં લઈને કેજરીવાલ અને પાર્ટીના અન્ય ધારાસભ્યો પહેલા દિવસથી જ જનતાની વચ્ચે સંદેશો મોકલવાના પ્રયાસ કરશે કે તે વચન પાળવા માટે ગંભીર છે.

**પૂર્વ મુખ્યમંત્રી શીલા દીક્ષિતની ગુલાટ**

## એએપીને મુદ્દા આધારિત બહારથી સમર્થન અપાયું

નવી દિલ્હી,તા. ૨૨

દિલ્હીના ભુતપૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા શીલા દીક્ષિતે આજે કહ્યું હતું કે, આમ આદમી પાર્ટીને શરત વગર સમર્થન આપવામાં આવ્યું નથી. તેમણે કહ્યું હતું કે, આમ આદમી પાર્ટીને કોંગ્રેસે મુદ્દા આધારીત બહારથી સમર્થન આપ્યું છે. શરત વગર કોઈ સમર્થન આપવામાં આવ્યું નથી. અત્રે ઉલ્લેખનીય છે કે, દિલ્હી વિધાનસભાની ચુંટણીમાં કારમી હાર બાદ કોંગ્રેસે



આમ આદમી પાર્ટીને સરકાર બનાવવા માટે શરત વગર સમર્થન આપવાની જાહેરાત કરી હતી. પરંતુ આજે કોંગ્રેસના વરીષ્ઠ નેતા શીલા દીક્ષિતે બિલકુલ અલગ નિવેદન કર્યું હતું. કેજરીવાલને શુભેચ્છા પાઠવતા દીક્ષિતે કહ્યું હતું કે, આમ આદમી પાર્ટીએ જે વચનો લોકોને આપ્યા છે તે પૂરા કરવાની બાબત શક્ય દેખાતી નથી. બીજી બાજુ દિલ્હી પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ અરવિંદરસિંહે કહ્યું હતું કે, જો સત્તામાં આવ્યા બાદ જો આમ આદમી પાર્ટી સારૂ કામ કરશે તો પાંચ વર્ષ આપવામાં આવશે. લોકોને આપવામાં આવેલા વચનો પૂરા કરવામાં આવે તેવી અપીલ તેમણે કરી હતી. અમે દરેક પાર્ટી પાસેથી નજીવી બાબતો પણ શીખી રહ્યા છીએ. અત્રે ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં યોજાયેલી વિધાનસભાની ચુંટણીમાં કોંગ્રેસનો સંપૂર્ણ સફાયો થયો હતો. ભાજપ સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી હતી. પરંતુ ભાજપે સરકારની રચના કરવાનો ઈન્કાર કર્યો હતો અને કહ્યું હતું કે, તે હોર્સટ્રેડીંગમાં પડશે નહીં અને તે વિરોધપક્ષની ભૂમિકા અદા કરશે. ભાજપને સૌથી વધુ સીટ અને કેજરીવાલની પાર્ટીને ૨૮ બેઠકો મળી હતી અને શાનદાર દેખાવ કર્યો હતો.

## સમગ્ર ઉત્તર ભારત કાતિલ ઠંડીના સકંજામાં : બે લોકોના થયેલા મોત

નવી દિલ્હી,તા.૨૩

સમગ્ર ઉત્તરભારત ફરી એકવાર કાતીલ ઠંડીના સકંજામાં આવી ગયુંછે. જમ્મુ-કાશ્મીર અને હિમાચલપ્રદેશના મોટાભાગના વિસ્તારોમાં ભારે હિમવર્ષા થતાં જનજીવન ઠપ્પ થઈ ગયુંછે. બીજી બાજુ મેદાની ભાગોમાં ઠંડા પવનના કારણે તાપમાનમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. ધુમ્મસના કારણે અનેક જગ્યાઓએ અકસ્માત સર્જાયા છે. ટ્રેન અને વિમાની સેવાને માઠી અસર થઈ છે. પ્રાપ્ત અહેવાલ મુજબ જમ્મુ-કાશ્મીર અને હિમાચલમાં હિમવર્ષાની સાથે ઉત્તરભારત કાતીલ ઠંડીના સકંજામાં આવ્યા બાદ બે લોકોના મોત થયા છે. જમ્મુ-કાશ્મીરમાં બેના મોત થયા છે. બાંદીપોરા જિલ્લામાં બરફની ભેખડ પડતાં બે કિશોરીઓના મોત થયા છે. ગુલમર્ગ, કિસ્તવાર અને શ્રીનગરમાં નવેસરથી હિમવર્ષા થઈ છે. જમ્મુ-કાશ્મીર રાષ્ટ્રીય રાજમાર્ગ ઉપર હિમવર્ષાના કારણે જનજીવન ઠપ્પ થઈ ગયું છે. દિલ્હીમાં પણ તીવ્ર ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. આજે શ્રીનગરમાં હિમવર્ષા થઈ હતી. ગુલમર્ગમાં પણ હિમવર્ષા થઈ હતી. લઘુત્તમ તાપમાન લેહમાં વધ્યોછે. જોકે, પારો હજુ પણ માઈનસ ૬.૨ ડિગ્રી છે. ગઈકાલે માઈનસ ૧૨.૪ ડિગ્રી તાપમાન થઈ ગયું હતું. હવામાન વિભાગે



આગાહી કરી છે કે, આગામી બે દિવસમાં હિમવર્ષાનો દોર જારી રહેશે. બીજી બાજુ હિમાચલમાં શિમલા અને મનાલી જેવા ટુરિસ્ટ રિસોર્ટ ખાતે સીઝનની પ્રથમ હિમવર્ષા થઈ છે. ઉંચાણવાળા વિસ્તારોમાં તો કાતીલ ઠંડી પડી રહી છે. લાહોલ-સ્પિતીના ઉંચાણવાળા વિસ્તારો, કિન્નોર, પાંગી, ભારમોર જેવા વિસ્તારોમાં તાપમાન માઈનસ ૮થી માઈનસ ૧૬ ડિગ્રીની વચ્ચે પહોંચી ગયુંછે. ચારેબાજુ બરફની ચાદર જોવા મળી રહી છે. કાંગ્રા, ધરમશાલા, ચંબામાં વરસાદ નોંધાયો છે. ઉત્તરપ્રદેશના કેટલાક ભાગોમાં પણ છેલ્લા ૨૪ કલાકમાં હળવો વરસાદ નોંધાયો છે. અન્ય મેદાની ભાગોમાં ધુમ્મસની ચાદર છવાઈ ગઈ છે. રાજસ્થાનના પ્રવાસી સ્થળ માઉન્ટ આબુ અને અન્ય મોટા શહેરોમાં તાપમાન ખુબ નીચું રહ્યું છે અને લોકો તીવ્ર ઠંડીનો અનુભવ કરી રહ્યા છે.

## યુવાનની હત્યા બાદ અયોધ્યામાં તંગદિલી

અયોધ્યા,તા.૨૩

અયોધ્યામાં ૨૨ વર્ષીય મોહમંદ જિસાન નામના શખસની હત્યા કરવામાં આવ્યા બાદ સમગ્ર વિસ્તારમાં સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. તંગદિલી પૂર્ણ સ્થિતિ ઊભી થઈ ગઈ છે. પ્રાપ્ત અહેવાલ મુજબ આ યુવાનની હત્યા કરવામાં આવ્યા બાદ સાવચેતીના તમામ પગલાં લેવાયા છે. બીએસસી એગ્રીકલ્ચરના વિદ્યાર્થી હેદર ઉર્ફે ડેનીસ ઉપર કેટલાક વણઓળખાયેલા લોકોએ સેસ પેગમબર દરગાહ નજીક હુમલો કરી દીધો હતો. આ હુમલામાં દરગાહને પણ નુકસાન કરવામાં આવ્યું હતું. આ બનાવ બાદ સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી હતી. બાબરી ધ્વંસ માટે જાણીતા બની ગયેલા અયોધ્યામાં વધારાના જવાનો પણ ગોઠવવામાં આવ્યા હતા. બીજી બાજુ પેગમબરની દરગાહને તાત્કાલીક ધોરણે ફરીથી વ્યવસ્થિત કરવામાં આવી હતી.

## તરૂણ તેજપાલની કસ્ટડી વધુ ૧૨ દિવસ વધારાઈ

પણજી,તા.૨૩

પણજીની સ્થાનિક અદાલતે તહેલકાના સ્થાપક એડીટર તરૂણ તેજપાલની જ્યુડીશિયલ કસ્ટડી આજે ૧૨ દિવસ માટે વધારી દીધી હતી. દરમિયાન તેમના વકીલે જામીન માટેની અરજી પણ કરી દીધી હતી. જ્યુડીશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટક્લાસ સારીકા ફળદેસાઈએ તેજપાલની જ્યુડીશિયલ કસ્ટડીને વધારી દીધી હતી. સોમવારના દિવસે તરૂણ તેજપાલની ૧૨ દિવસની કસ્ટડીની અવધી પૂરી થઈ હતી. મહિલા પત્રકાર સાથે જાતીય શોષણના આક્ષેપોનો સામનો કરી રહેલા તરૂણ તેજપાલને વાસ્કો શહેર નજીકની સાદા સબજેલમાં રાખવામાં આવ્યા છે. દરમિયાન તેજપાલનું પ્રતિનિધિત્વ કરતાં વકીલે તેમની જામીન માટેની માંગ કરીને જીલ્લા કોર્ટમાં અરજી કરી દીધી છે અને કહ્યું છે કે, આરોપીની જ્યુડીશિયલ કસ્ટડીમાં લેવામાં આવ્યા બાદથી હજુ સુધી પોલીસ દ્વારા પૂછપરછ કરવામાં આવી નથી. જેથી તેમની જ્યુડીશિયલ કસ્ટડીનો કોઈ મતલબ નથી. આ અરજીનો મતલબ એ થયો કે જ્યારે તેજપાલ પોલીસ લોકઅપમાં હતા ત્યારે જ તેમની પૂછપરછ કરવામાં આવી હતી. જ્યુડીશિયલ કસ્ટડીમાં લેવામાં આવ્યા બાદથી તેમની પૂછપરછ કરાઈ નથી. તરૂણ તેજપાલની જામીન અરજી પર સુનાવણી ૨૬મી ડિસેમ્બરના દિવસે હાથ ધરવામાં આવશે. તરૂણ તેજપાલની પણજીની એક હોટલમાં મહિલા પત્રકાર ઉપર જાતીય હુમલો કરવાના આરોપસર ૩૦મી નવેમ્બરના દિવસે ધરપકડ કરવામાં આવી હતી. ગોવા પોલીસ દ્વારા તેજપાલની ધરપકડ કરવામાં આવ્યા બાદ તેમની સામે જુદી-જુદી કલમો હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. જેમાં કલમ ૩૭૬ (બળાત્કાર)નો પણ સમાવેશ થાય છે. તરૂણ તેજપાલની ધરપકડ બાદ તેમની પ્રતિષ્ઠાને મોટો ફટકો પડ્યો હતો. ધરપકડ બાદથી તરૂણ તેજપાલની મુશ્કેલીઓ ઓછી થઈ નથી.

**વિચાર યાત્રા** (ચોથા પાનાનું ચાલું...)

નાની વાતો સાંભળવામાં લોકોને વધુ રસ હોય છે. એની પાછળ મન એમ કહેતું હોય છે, જોયા મોટા માણસો તેના કરતાં તો આપણે અનેકગણા સારા.

આપણે કોઈની પ્રશંસા કરીશું તો લોકો બહુ ધ્યાન નહીં આપે. આપણે કહીશું કે ફલાણા માણસે બહુ પ્રગતિ કરી. નસીબદાર છે જલદીથી પૈસા થઈ ગયા. ઘણો કાબેલ. તો લોકો કહેશે જવા દોને વાત. કેવી રીતે પૈસાદાર થઈ ગયો એ બધા જાણે છે. આડાઅવળા ધંધા છે નહિતર એમ થોડા રાતોરાત પૈસાદાર થઈ જવાય. ફુગો ફૂટશે ત્યારે ખબર પડશે, પરંતુ તમે કહેશો કે પેલા માણસે બેઈમાની કરીને પૈસા મેળવ્યા છે. ધોખેબાજ છે. ભ્રષ્ટાચારી છે. તેની કાળી કમાણી છે તો લોકો સ્વીકારી લેશે. કાં તો સાંભળી લેશે. કોઈ એમ નહીં કહે કે તમે જે કહો છો તે બરાબર નથી. તેના અંગે આવી વાત કદી સાંભળવા મળી નથી. આપણે કોઈ ચોર છે એ વાત સ્વીકારી લઈશું, પરંતુ કોઈ મહાત્મા છે એ વાત સ્વીકારવાને મન નહીં થાય, કારણ કે આ બાબત આપણા અહંકારથી વિપરીત છે.

માણસ બીજાના દોષો જોવાનું ટાળે અને ગુણગ્રાહી બને ત્યારે તે સત્યની વધુ નજીક હોય છે.

## શૂન્યથી ઓછા તાપમાનમાં જવાનની શ્રેષ્ઠ કામગીરી છે

જમ્મુ,તા.૨૩

જમ્મુ કાશ્મીરના કેટલાક વિસ્તારોમાં શૂન્યથી નીચે પહોંચેલા તાપમાનમાં પણ ભારતીય સૈનિકો અસરકારક રીતે તેમની જવાબદારી અદા કરી રહ્યા છે. એકબાજુ શૂન્યથી નીચે તાપમાન અને બીજી બાજુ ભારે હિમવર્ષાના કારણે ચારેબાજુ બરફની ચાદરો છવાયેલી છે છતાં દુશ્મનોન જડબાતોડ જવાબ આપવા માટે ભારતીય સૈનિકો લડાયક મૂડમાં દેખાઈ રહ્યા છે. કાશ્મીર સરહદની એલઓસી ઉપર આ પ્રકારના દશ્યો સામાન્ય હોય છે. માત્ર કાશ્મીર સરહદ ઉપર જ નહીં બલ્કે કારગીલ અને સીયાચીનમાં પણ ભારતીય સૈનિકો પોતાની કુશળતાને સાબિત કરી રહ્યા છે. હજુ સુધી કાશ્મીર સરહદની અનેક સરહદી ચોકી ઉપર ભારતીય જવાનો ફરજ બજાવી રહ્યા છે. કારગીલ યુદ્ધ બાદ સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે જેના કારણે તીવ્ર ઠંડીની સ્થિતિ હોવા છતાં ભારતીય જવાનોને સરહદી ચોકી ઉપર મજબૂત સુરક્ષા રાખવી પડે છે. કારગીલ પહેલા ઠંડીના દિવસોમાં આ ચોકીઓ ખાલી કરી દેવામાં આવતી હતી પરંતુ કારગીલ યુદ્ધ બાદ હવે તીવ્ર ઠંડીમાં પણ સુરક્ષા મજબૂત રાખવી પડે છે. કારગીલ તથા કાશ્મીરની કેટલીક એવી પહાડીઓ છે જ્યાં ૧૦૦ અથવા ૧૫૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે બરફના પવન ફૂંકાય છે. પાકિસ્તાનની સાથે સાથે કુદરતનો પણ સામનો જવાનો કરી રહ્યા છે. કાશ્મીર, કારગીલ તથા સીયાચીન જેવા વિસ્તારોમાં પાકિસ્તાની સૈના ભારતીય પક્ષની દુશ્મન છે. બીજી બાજુ કુદરત પણ દુશ્મનના તરીકે છે. કાશ્મીર સરહદ તથા સીયાચીન વિસ્તારમાં થતા સૈનિકોના મોત પૈકી ૯૭ ટકાનો મોત કુદરતના કારણે થાય છે. સત્તાવાર આંકડામાં આ મુજબની બાબત સપાટી ઉપર આવી ચૂકી છે. વારંવાર શૂન્યથી પણ નીચે તાપમાનની સ્થિતિમાં સૈનિકોને ઘણી તકલીફ પડે છે.

## એર ઈન્ડિયા તેના સાત ડ્રીમ લાઈનરને વેચશે

મુંબઈ,તા.૨૩

જાહેર ક્ષેત્રની વિમાન કંપની એર ઈન્ડિયાએ સાત બોઈંગ ડ્રીમ લાઈનર વિમાનો વેચવાનો નિર્ણય કર્યો છે. બોઈંગ ૭૮૭.૮ વિમાનો વેચવામાં આવનાર છે. આ વિમાન વેચીને એર ઈન્ડિયા ૮૪ કરોડ ડૉલરની રકમ ઊભી કરવાની ઈચ્છા ધરાવે છે. આ વિમાન વેચી દીધા બાદ તે આ જ વિમાનોને ભાડા ભટ્ટા ઉપર લેશે. કંપની આ વિમાનને વેચીને એકત્રિત કરવામાં આવેલા નાણાંનો ઉપયોગ બ્રીજ લોન મળતા પહેલા શરૂઆતી જરૂરીયાતો માટે કરવામાં આવશે. રકમનો કેટલોક હિસ્સો સંચાલન કાર્ય ઉપર પણ કરવામાં આવશે. બોઈંગ પાસેથી એર ઈન્ડિયાએ ૧૧ ડ્રીમ લાઈનર વિમાન મેળવ્યા છે. આવા બીજા ત્રણ વિમાન આગામી વર્ષે માર્ચ સુધી તેના કાફલામાં સામેલ થનાર છે. એર ઈન્ડિયાના સૂત્રોએ કહ્યું છે કે અમે સાત બોઈંગ ૭૮૭.૮ વિમાનને વેચાણ માટે મૂકી રહ્યા છીએ. ત્યારબાદ તેમને ભાડા ભટ્ટા ઉપર ફરી લેવામાં આવશે. એર ઈન્ડિયાએ જાન્યુઆરી ૨૦૦૬માં ૨૭ ડ્રીમ લાઈનર વિમાન માટેનો ઓર્ડર આપ્યો હતો.